સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ

શુક્રવારે વરસાદનું જોર ઘટતા 75 તાલુકાઓમાં હળવો વરસાદ પરંતુ આગામી 24 કલાક રાજ્ય માટે ભારી

ગાંધીનગરઃ ગુજરાત પરથી પસાર થઈ રહેલી લો પ્રેશર સિસ્ટમની અસર હળવી થઈ જતાં આજે દિવસ દરમ્યાન રાજયમાં વરરસાદનું જોર ઘટયું છે. જેના પગલે આજે દિવસ દરમ્યાન 75 તાલુકાઓમાં હળવો વરસાદ થયો હતો.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ , રાજયમાં આગામી 24 કલાકની અંદર સુરત, નવસારી, વલસાડ , દમણ, દાદરા નગર હવેલી સહિતના જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કરાયું છે. જયારે પંચમહાલ, દાહોદ, વડોદરા , છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, ડાંગ , તાપી , અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કરાયું છે. આ ઉપરાંત રાજયમાં આગામી તા.31મી જુલાઈ સુધી ભારે વરસાદની ચોતવણી ઈશ્યુ કરી દેવાઈ છે.આજે રાજયમાં સૌથી વધુ વરસાદ 55મી એટલે કે 2.2 ઈંચ જેટલો વરસાદ થયો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોએ કહયું હતું કે આજે તા.26મી જુલાઈના રોજ સવારના 6 વાગ્યાથી સાંજના 6 વાગ્યા સુધીમાં રાજયમાં સરેરાશ 75 તાલુકાઓમાં વરસાદ થયો હતો. જેમાં પંચમહાલના શહેરામાં 18 મીમી , અમદાવાદના ધંધુકામાં 16 મીમી , મહીસાગરના લુણાવાડામાં 16 મીમી ,નડિયાદમાં 13 મીમી ખેડાના વસોમાં 12 મીમી , વરસાદ થયો હતો.

છેલ્લા 24 કલાકમાં રાજયમાં 111 તાલુકાઓમાં સરેરાશ વરસાદ થયો હતો. જયારે સમગ્ર ગુજરાતમાં ચોમાસાની મોસમનો સરેરાશ 54.46 ટકા વરસાદ થયો હતો. જેમાં કચ્છમાં 75.67 ટકા , ઉત્તર ગુજરાતમાં 29.55 ટકા , મધ્ય - પૂર્વ ગુજરાતમાં 33.29 ટકા , સૌરાષ્ટ્રમાં 73.57 ટકા , દક્ષિણ ગુજરાતમાં 66.05 ટકા વરસાદ થયો છે.

પૂરગ્રસ્ત જિલ્લાઓમાં 14 હજારનું સ્થળાંતર , 1617ને બચાવી લેવાયા

બીજી તરફ ભારે વરસાદના પગલે વિવિધ જિલ્લાઓમાં રાજયમાં આજે તથા ગઈકાલ સાથે એટલે કે છેલ્લા 48 કલાકમાં 14552 સ્થાનિક લોકોનું સ્થળાંતર કરાયું હતું. જયારે 1617 લોકોને બચાવ ઓપરેશનમાં બચાવી લેવાયા છે.

રવિએ મધ્ય- ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ

અમરેલીના લીલિયા મોટાના વતની અને ખગોળીય ઘટનાઓના અભ્યાસુ જયપ્રકાશ માઢકે જણાવ્યું હતું કે બંગાળની ખાડીથી વાયા મધ્ય પ્રદેશ થઈને જે એક લો પ્રેશરની પ્રણાલી મધ્ય ગુજરાતની દિશામાં આગળ વધી રહી છે તેને લીધે તા.28 તથા 29 જૂલાઈ ના રોજ એટલે કે શનિ રવિમાં ફરી એક વખત ઉત્તર ગુજરાત તથા મધ્ય ગુજરાતમાં વરસાદનું જોર વધવાની અને મહદ્ અંશે શનિવારે તથા રવિવારે પણ અમદાવાદ, વડોદરા તથા દાહોદ, ગોધરા, છોટાઉદેપુર તથા સૌરાષ્ટ્રમાં ઉના, ભાવનગર, જૂનાગઢ તથા ભાવનગર જેવા સ્થળોએ સારો એવો વરસાદ પડવાની સંભાવના છે.

સીએમ ભૂપેન્દ્ર પટેલે આજે દિલ્હીમાં, હાઈકમાન્ડ સાથે બેઠક થશે: રાજકિય નવાજુનીના એંધાણ

રાજયમાં કેબિનેટના વિસ્તરણની પણ રાજકિય અટકળો ચાલી રહી છે

ગાંધીનગરઃ દિલ્હી ખાતે આવતીકાલે નીતિ આયોગની બેઠક યોજવા જઈ રહી છે. જેમાં હાજરી આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ દિલ્હી જશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સાંજે દિલ્હી પહોંચશે. દિલ્હી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ભાજપ હાઈકમાન્ડ સાથે પણ મુલાકાત કરી શકે છે. તો દિલ્હીથી પરત આવ્યા બાદ ગુજરાતના રાજકારણમાં નવાજૂની થવાના એંધાણ પણ વર્તાઈ રહ્યાં છે. ખાસ કરીને ભાજપના હાઈકમાન્ડ દ્વારા બિહાર તથા રાજસ્થાનના નવા પ્રદેશ પ્રમુખની નિમણૂંક કરી દીધી છે ત્યારે હવે નજીકના દિવસોની અંદર ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખની નિમણૂંક થઈ જશે તેમ મનાય છે.

દિલ્હી ખાતે આવતીકાલે નીતિ આયોગના ગવર્નિંગ કાઉન્સિલની નવમી બેઠક વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાવા જઈ રહી છે. આવતીકાલે યોજાનારી બેઠકમાં દેશના તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ હાજર રહેશે. જેથી ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સાંજે દિલ્હી પહોંચશે. હાલ રાજયમાં સીએમ ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળમાં વિસ્તરણની રાજકિય અટકળો પણ ચાલી રહી છે. ત્યારે હાઈકમાન્ડ સાથેની બેઠકમાં કોને કેબીનેટમાં સમાવવા ? તથા ખાતાઓની ફેરબદલી કરાય ત્યારે કોને કયું ખાતું આપવું , કોની પાસેથી કયું ખાતું લઈ લેવું તેને લઈને પણ ચર્ચાઓ થઈ શકે છે. નવા મંત્રીમંડળમાં સુરતના ભાજપના સિનિયર ધારાસભ્ય પૂર્ણેશ મોદી , અર્જુન મોઢવાડિયા તથા સી. જે. ચાવડાને સમાવેશ થાય તેવી ચર્ચા ચાલી રહી છે.

વિદેશ મોકલવામાં આવેલા પાર્સલમાં ડ્રગ્સ હોવાનું કહી લાખોની છેતરપિંડી કરતી રાજસ્થાનની ગેંગના ત્રણની ધરપકડ

આરોપીઓ પાસેથી 95 સીમકાર્ડ, અલગ અલગ બેંકોની 65 જેટલી ચેકબુક, 61 એટીએમ કાર્ડ તથા રોકડા રૂપિયા 9.50 લાખ સહિત મુદ્દામાલ જપ્ત

અમદાવાદઃ ફેડેક્સ કુરિયરમાં મુંબઈથી ઈરાન મોકલેલા પાર્સલમાં ડ્રગ્સ હોવાનું કહી મુંબઈ એનસીબીના નકલી અધિકારી તરીકે ઓળખ આપી પાર્સલ મોકલનાર વ્યક્તિના બેંક એકાઉન્ટમાંથી દસ લાખની પ્રિએપ્રુવડ લોન મંજૂર કરાવી, છેતરપિંડી કરતી રાજસ્થાન ગેંગના ત્રણ સાગરીતોને અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી હતી. તેમની પાસેથી 95 સીમકાર્ડ, અલગ અલગ બેંકોની 65 જેટલી ચેકબુક, 61 એટીએમ કાર્ડ તથા રોકડા રૂપિયા 9.50 લાખ સહિત મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાનના આરોપી ઈન્દ્રજીત નેમીચંદ પવાર (ઉં.વ. 37 રહે., બિકાનેર, રાજસ્થાન) રાહુલ ભગવાનરામ ગેહલોત (ઉં.વ. 28 રહે., બિકાનેર, રાજસ્થાન) અને કૈલાશ રામપ્રસાદ કુકણા ઉં.વ. 23 રહે., બિકાનેર, રાજસ્થાન)ની ધરપકડ કરી હતી. ક્રાઈમ બ્રાચના સુત્રોએ જણાવ્યું હતું કે આરોપી ઈન્દ્રજીત નેમીચંદ પવાર રાજસ્થાનના બિકાનેર ખાતે અલગ-અલગ લોકોને કમિશનની લાલચ આપી રુ.૫૦૦૦/- થી ૮૦૦૦/- માં એકાઉન્ટ ખરીદી આ એકાઉન્ટ હોલ્ડરની સહીઓ વાળી ચેકબુક, પાસબુક, એટીએમ કાર્ડ, સીમકાર્ડ વગેરે મેળવી લઈ એકાઉન્ટની વિગત આરોપી રાહુલ ભગવાનરામ ગેહલોતને મોકલી આપતો હતો. જે Binance એપ્લિકેશનના માધ્યમથી JACK અને BERT નામની ચાઈનીઝ વ્યક્તિઓને મોકલી આપતો હતો.

ભારતના ૧૨૦ રમતવીરો પેરિસ ઓલિમ્પિકમાં કેટલા મેડલ જીતી લાવશે?

ભારતમાં જેટલું મહત્ત્વ ક્રિકેટને આપવામાં આવે છે, તેટલું મહત્ત્વ અન્ય રમતોને આપવામાં આવતું નથી. આ કારણે ૧૪૦ કરોડની વસ્તી ધરાવતો ભારત દેશ ઓલિમ્પિકમાં મેડલ જીતવાની બાબતમાં કેટલાક નાનકડા દેશો કરતાં પણ પાછળ રહી જાય છે. તા. ૨૬ જુલાઈથી ૧૧ ઓગસ્ટ સુધી ફ્રાન્સની રાજધાની પેરિસ ઉપરાંત ફ્રાન્સનાં અન્ય ૧૬ શહેરોમાં પણ ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે.આ ગેમ્સમાં ભાગ લેનારાં ખેલાડીઓની કુલ સંખ્યા ૧૦,૫૦૦ નક્કી કરવામાં આવી છે, જેમાં ૩૨ રમતોની ૩૨૯ ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવનાર છે.તેમાં ભારતના ૧૨૦ ખેલાડીઓ વિવિધ રમતોમાં મેડલ માટે હાથ અજમાવશે. ભારતને ભાલાફેંક, કુસ્તી, બેડમિન્ટન, શૂટિંગ, હોકી અને બોક્સિંગમાં મેડલની સૌથી વધુ આશા છે.ભારત સરકાર ઓલિમ્પિક માટે ખેલાડીઓને તૈયાર કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે.નવાઈની વાત છે કે આ રમતોમાં ક્રિકેટની રમતને સ્થાન જ આપવામાં આવ્યું નથી.

ભારતના નિરજ ચોપરાએ ટોકિયો ઓલિમ્પિક્સ ૨૦૨૦ માં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. તેણે ૮૭.૫૮ મીટરના અંતરે બરછી ફેંકીને આ મેડલ જીત્યો હતો.એથ્લેટિક્સમાં ભારતનો આ પહેલો ઓલિમ્પિક મેડલ હતો. ઉપરાંત, વ્યક્તિગત ઈવેન્ટ્સમાં ભારતનો આ બીજો ગોલ્ડ મેડલ હતો. શૂટિંગમાં ભારત માટે પ્રથમ વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક અભિનવ બિન્દ્રાએ ૨૦૦૮ બેઇજિંગ ઓલિમ્પિકમાં જીત્યો હતો.આ વખતે પણ ભારતની નજર નિરજ ચોપરા પર રહેશે. તેના સિવાય કિશોરીઓ જેના અને અન્નુ રાની પણ ભાલાફેંકમાં ભાગ લેશે. પુરુષોની ભાલા ફેંકનો ક્વોલિફાઇંગ રાઉન્ડ ૬ ઓગસ્ટે રમાશે.મહિલાઓના ભાલાફેંકનો ક્વોલિફાઇંગ રાઉન્ડ ૭ ઓગસ્ટે રમાશે, જેમાં અન્નુ રાની ભાગ લેશે.જ્યારે પુરુષોની બરછી ફેંક સ્પર્ધાની ફાઈનલ ૮ ઓગસ્ટે જ્યારે મહિલાઓની બરછી ફેંક સ્પર્ધા ૧૦ ઓગસ્ટે રમાશે. મહિલાઓમાં પ્રિયંકા ગોસ્વામી અને પુરુષોમાં અક્ષદીપ સિંહ, વિકાસ સિંહ, પરમજીત બિષ્ટ અને રામ બાબુ ૨૦ કિલોમીટર વોકિંગ ઈવેન્ટમાં ભાગ લેશે. આ મેચો ૧લી ઓગસ્ટે રમાશે.

૪x૪૦૦ મીટર રિલે રેસમાં મહિલાઓ અને પુરુષોના ક્વોલિફાઇંગ રાઉન્ડ ૯ ઓગસ્ટના રોજ યોજાશે.મુહમ્મદ અનસ, મુહમ્મદ અજમલ, રાજીવ અરોકિયા અને અમોજ જેકબ પુરુષ ટીમમાં ભાગ લેશે જ્યારે મહિલા ટીમમાં જ્યોતિકા શ્રી દાંડી, રૂપલ સુભા વેંકટેસન અને પૂવમ્મા એમઆર ભાગ લેશે. તેની ફાઈનલ ૧૦મી ઓગસ્ટે રમાશે.મીરાંબાઈ ચાનુ ૪૯ કિ.ગ્રા. વજન વર્ગમાં વેઈટલિફ્ટિંગમાં ભારત માટે મેડલની આશા હશે.તોણે ટોકિયો ઓલિમ્પિકમાં કુલ

૨૦૧ કિલો વજન ઉપાડીને સિલ્વર મેડલ જીત્યો હતો. આ મેચ ૭મી ઓગસ્ટે રમાશે.

ભારતની સ્ટાર ખેલાડી પીવી સિંધુ બેડમિન્ટનમાં મહિલા સિંગલ્સ કેટેગરીમાં ભારત માટે મેડલની મોટી આશા હશે. સિંધુએ ૨૦૧૬ રિયો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ અને ૨૦૨૦ ટોકિયો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.મેન્સ સિંગલ્સમાં ભારત તરફથી એસ.એસ. પ્રણય અને લક્ષ્ય સેન મેદાનમાં ઉતરશે. કુસ્તીમાં ભારતની મહિલા વર્ગમાંથી અરિહંત પંઘાલ (૫૩ કિ.ગ્રા.), વિનેશ ફોગાટ (૫૦ કિ.ગ્રા.), અંશુ મલિક (૫૭ કિ.ગ્રા.), રિતિકા હૂડા (૭૬ કિ.ગ્રા.) અને નિશા દહિયા (૬૮ કિ.ગ્રા.) ભાગ લેશે. ગયા વર્ષે મહિલા કુસ્તીબાજો દ્વારા જાતીય શોષણ સામે લાંબી લડાઈ ચાલી તે પછી પહેલી વખત તેમને પોતાની તાકાતનું પ્રદર્શન કરવાની તક મળી છે. ભાજપે ચૂંટણીમાં બ્રિજભૂષણને ટિકિટ ન આપીને તેમને સજા કરી હતી. મેન્સ કેટેગરીમાં અમન સેહરાવત ભારત તરફથી ૫૭ કિ.ગ્રા. ફ્રી સ્ટાઇલ કેટેગરીમાં ભાગ લેશે. આ મેચો ૫ થી ૧૧ ઓગસ્ટ વચ્ચે રમાશે.

હોકીમાં માઠા સમાચાર છે કે ભારતીય મહિલા હોકી ટીમ આ વખતે ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરી શકી નથી. મેન્સ હોકી ટીમ પૂલ બીમાં છે.ભારતનો પ્રથમ મુકાબલો ૨૭ જુલાઈએ ન્યુઝીલેન્ડ સામે થશે. ભારતનો બીજો મુકાબલો ૨૯મી જુલાઈએ આર્જેન્ટિના સામે, ૩૦મી જુલાઈએ આયર્લેન્ડ સામે, ૧લી ઓગસ્ટે બેલ્જિયમ અને ૨જી ઓગસ્ટે ઓસ્ટ્રેલિયા સામે થશે.ક્વાર્ટર ફાઈનલ ૪ઓગસ્ટે, સેમિ ફાઈનલ ૬ ઓગસ્ટે અને ફાઈનલ મેચ ૮ ઓગસ્ટે રમાશે. હોકીમાં ભારતની મેન્સ ટીમ કોઈક ચંદ્રક તો લઈને આવશે, તેવી આશા રખાઈ રહી છે.

બોક્સિંગની મહિલા વર્ગમાં ભારત તરફથી નિખત ઝરીન (૫૦ કિ.ગ્રા.), પ્રીતિ પવાર (૫૪ કિ.ગ્રા.), જાસ્મીન લમ્બોરિયા (૫૭ કિ.ગ્રા.) અને લવલિના બોર્ગેન (૭૫ કિ.ગ્રા.) ભાગ લેશે.નિશાંત દેવ (૭૧ કિ.ગ્રા.) અને અમિત પંખાલ (૫૧ કિ.ગ્રા.) પુરુષ વર્ગમાં ભાગ લેશે. આ મેચો ૨૭મી જુલાઈથી રમાશે.ગોલ્ફમાં ભારતની મહિલા વર્ગમાંથી અદિતિ અશોક અને દીક્ષા ડાગર ભાગ લેશે. શુભંકર શર્મા અને ગગનજીત ભુલ્લર પુરુષ વર્ગમાં ભાગ લેશે.મેન્સ કેટેગરીની મેચો ૧ અને મહિલા કેટેગરીની મેચ ૭ ઓગસ્ટથી રમાશે. ભારતની નજર અદિતિ અશોક પર રહેશે.

ચાર વર્ષ પહેલાં ભારતે ટોકિયો ઓલિમ્પિકમાં તેનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું અને એક ગોલ્ડ સહિત સાત મેડલ જીત્યા હતા. આ વખતે ભારત મેડલની સંખ્યાને બે આંકડામાં લઈ જવા ઈચ્છે છે.જેવલિન થ્રોઅર નિરજ ચોપરા એથ્લેટિક્સમાં ગોલ્ડ જીતનાર ભારતનો પ્રથમ ખેલાડી બન્યો હતો. તે ફરી એક વાર ગોલ્ડ મેડલ જીતવાની તૈયારી કરી રહ્યો છે.અત્યાર સુધીમાં નિરજ સહિત ૧૨ પુરુષ અને સાત મહિલા ખેલાડીઓ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થયા છે.નિરજ ચોપરાએ ઓલિમ્પિક્સ, વર્લ્ડ ચેમ્પિયનશિપ અને એશિયન ગેમ્સ સહિત તમામ મોટી રમતોમાં સફળતા હાંસલ કરી છે.હવે તેનું એકમાત્ર લક્ષ્ય ૯૦ મીટર થ્રોના અવરોધને પાર કરવાનું છે. તે તેની નજીક આવી ગયો છે પરંતુ હજી સુધી તેને પાર કરી શક્યો નથી. ટીનેજર જેનાએ હોંગ ઝુ એશિયન ગેમ્સમાં ૮૭.૫૪ મીટરના થ્રો સાથે સિલ્વર મેડલ જીતીને સૌને ચોંકાવી દીધા હતા. તે જોરદાર તૈયારીઓ પણ કરી રહ્યો છે અને મેડલ જીતવાનો દાવેદાર છે.

સાત્ત્વિક સાઈરાજ, રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી સિવાય મેન્સ સિંગલ બેડમિન્ટનમાં એચએસ પ્રણોય અને લક્ષ્ય સેન, મહિલા સિંગલ્સમાં પીવી સિંધુ અને મહિલા ડબલ્સમાં અની પોનપ્પા અને મનીષા કાસ્ટો ક્વોલિફાય થયા છે.સાત્ત્વિક અને ચિરાગની જોડી હાલમાં વિશ્વની નંબર વન જોડી છે અને તેઓએ છેલ્લા દોઢ વર્ષમાં ઘણી સફળતા હાંસલ કરીને પોતાનો દબદબો સ્થાપિત કર્યો છે.આ વખતે આ જોડી મેડલ સાથે પાછી ફરશે તેવી આશા રાખી શકાય છે.બે ઓલિમ્પિક ગેમ્સ મેડલ વિજેતા પીવી સિંધુ અને લક્ષ્ય સેન અને પ્રણયની વાત છે, તો બધામાં મેડલ જીતવાની ક્ષમતા છે, જરૂર છે માત્ર આ ગેમ્સ સુધી સંપૂર્ણ ફોર્મમાં રમવાની.વિનેશ ફોગાટ છેલ્લા કેટલાક સમયથી કુશ્તીને બદલે આંદોલન ચલાવવાના કારણે ચર્ચામાં હતી. તે ગયા મહિને જ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થઈ છે.વિનેશ ઉપરાંત અત્યાર સુધી અન્ય ત્રણ મહિલા કુસ્તીબાજોએ ઓલિમ્પિકમાં ભાગ લેવાની પુષ્ટિ કરી છે. તેમાં અખિલ પંખાલ, રિતિકા હુડા અને અંશુ મલિકનો સમાવેશ થાય છે.વિનેશ ફોગાટ કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા કુસ્તીબાજ છે.તોણે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં પણ એકથી વધુ મેડલ જીત્યા છે. હવે ઓલિમ્પિક મેડલથી તે નજીક પહોંચી ગઈ છે.ચાર ફૂટ ૧૧ ઈંચની ઊંચાઈ ધરાવતી વેઈટલિફ્ટર મીરાંબાઈ ચાનુ ભારત માટે વેઈટલિફ્ટિંગમાં ઓલિમ્પિક મેડલ જીતનારી પ્રથમ મહિલા ખેલાડી છે.મણિપુરના સામાન્ય પરિવારમાં જન્મેલી મીરાંબાઈ ચાનુએ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બે મેડલ જીત્યા છે. કોમનવેલ્થ ગેમ્સમાં પણ તેના બે ગોલ્ડ મેડલ છે. આ વખતે તે ટોકિયો ઓલિમ્પિકમાં જીતેલા સિલ્વર મેડલનો રંગ બદલવાનો પ્રયાસ કરશે.

ભારતે ટોકિયો ઓલિમ્પિકમાં તેનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું અને એક ગોલ્ડ સહિત સાત મેડલ જીત્યા હતા. આ વખતે ભારત મેડલની સંખ્યાને બે આંકડામાં લઈ જવા ઈચ્છે છે

BUSINESS મિત્ર

મિડકેપ તથા સ્મોલકેપના પસંદગીના શેરોમાં લેવાલી ચાલુ રહી

ઓગસ્ટ સિરીઝની શાનદાર શરૂઆત, નિફ્ટીએ ઐતિહાસિક સપાટી બનાવી, સેન્સેક્સ 81000ની ઉપર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 26: ભારતીય શેરબજારમાં ટ્રેડિંગ સપ્તાહના અંતમ દિવસે અને ઓગસ્ટ સિરીઝની શરૂઆતમાં બજારમાં જોરદાર તેજી જોવા મળી હતી. સવારે સપાટ બજાર ખુલ્યા બાદ સતત વધારો થતો હ્યો હતો. આજે બેન્ક નિફ્ટીએ પણ રેડ ઝોનમાંથી પોઝિટિવ થઇ ગઇ હતી. આજે લાર્જકેપ શેરોની સાથે સાથે બ્રોડર માર્કેટમાં પણ તેજીનો દોર જોવા મળ્યો હતો. ઇન્ડસ ટાવરમાં આજે લેવાલી નીકળી હતી, કેમ કે કંપની બાયબેકનું આયોજન કરી રહી છે અને તેના માટે 30મી જુલાઇના રોજ બોર્ડ બેઠક મળનારી છે અને તેમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે. જેના લીધે આજે પાંચ ટકા જેટલો ઉછળી ગયો હતો.

ભારતીય શેરબજારમાં પાંચ દિવસથી સતત ઘટાડાનો સીલસીલો તૂટયો હતો. આજે નિફ્ટીએ 24861.15 પોઇન્ટની ઓલટાઇમ હાઇ સપાટીને સ્પર્શતા ઉંચા સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે સેન્સેક્સ ઓલટાઇમ હાઇ બનાવી હતી, જે છેલ્લે ઓલટાઇમ હાઇથી થોડાક નીચા સ્તરે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ 1293 પોઇન્ટ અને નિફ્ટી 428 પોઇન્ટ ઘટ્યા

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 1292.92 પોઇન્ટ એટલે કે 1.62 ટકા વધીને 81000 પોઇન્ટની સપાટી કુદાવીને 81332.72 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 81427 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 80013 પોઇન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી 428.75 પોઇન્ટ એટલે કે 1.76ટકા વધીને 24800 પોઇન્ટની સપાટી કુદાવીને 24834.85 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24861 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24411 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 407.20 પોઇન્ટ એટલે કે 0.80 ટકા વધીને 51000 પોઇન્ટની સપાટી કુદાવીને 51295.95 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે શોભા લિ.માં 420.78 ગણા, અદાણી ટોટલ ગેસમાં 8.48 ગણા, રૂટ મોબાઇલમાં 4.93 ગણા, ઇન્ફીબીમ એવન્યુઝમાં 4.13 ગણા અને ગોદરેજ કન્ઝ્યુમરમાં 3.48 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ન્યુ ઇન્ડિયા ઇન્સ્યોરેન્સમાં 8.08 ગણા, હોમ ફર્સ્ટ ફાઇ.માં 7.59 ગણા, જનરલ ઇન્સ્યોરેન્સમાં 7.42 ગણા, મેનકાઇન્ડ ફાર્મામાં 6.83 ગણા અને શોભામાં 6.29 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં નરમાઇ જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.22 ટકા ઘટયા હતા, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ 0.14 ટકા ઘટયા હતા. જોકે, આજે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 2118 શેરો વધ્યા હતા, જ્યારે 1795 શેરો ઘટયા હતા અને 110 શેરો યથાવત રહ્યા હતા.

મેટલ શેરોમાં સૌથી વધુ રીકવરી જોવા મળી હતી.. નિફ્ટી મેટલ ઇન્ડેક્સ 3.01 ટકા વધ્યા હતા. જેમાં વેદાન્તા, જિન્દાલ સ્ટીલ, એનએમડીસી, સેઇલ, અદાણી એન્ટર, તાતા સ્ટીલ, હિન્દાલ્કો, નેલ્કો, જેએસડબલ્યુ સ્ટીલ અને રત્નમણિ મેટલ્સ વધ્યા હતા. બીજી તરફ, હિન્દુસ્તાન ઝીંક ઘટયા હતા.

યુરોપિયન અને એશિયન બજારોમાં રીકવરી જોવા મળી

આજે યુરોપિયન અને મોટા ભાગના એશિયન બજારોમાં સુધારો જોવાયો હતો. ટોક્યોના તાજેતરના ફુગાવાના ડેટાને પચાવી લીધા હોવાથી અને યુએસના આર્થિક આંકડાઓની રાહ જોતા હોવાથી મોટા ભાગના એશિયન બજારો સુધર્યા હતા, જ્યારે યુરોપિયન બજારોમાં સુધારાની ચાલ જોવા મળી હતી. જુલાઇમાં જાપાનનો મુખ્ય ફુગાવો થોડો ઘટીને 2.2 ટકા થયો હતો, જ્યારે મુખઅય ફુગાવ 2.2 ટકા પર સ્થિર રહ્યો હતો. બજારનું ધ્યાન હવે યુએસ તરફ વળ્યું છે. ફેડરલ રિઝર્વના પસંદગીના ફુગાવાનો દર વ્યાજદરની અપેક્ષાઓને અસર કરે તેવી સંભાવના છે.

યુરોપિયન બજારોમાં 0.68 ટકા, કેક 0.90 ટકા અને ડેક્સ 0.33 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 0.54 ટકા, સ્ટ્રેઇટસ 0.12 ટકા, તાઇવાન 3.40 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેગસેંગ 0.10 ટકા, કોસ્પી 0.78 ટકા, જકાર્તા 0.66 ટકા અને શાંઘાઇ 0.14 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયો સપાટ રહ્યો

અમદાવાદ, તા. 26: કરન્સી બજારમાં આજે ડોલર અને રૂપિયામાં બેઉતરફી વધઘટ બાદ રૂપિયો સપાટ બંધ રહ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 83.72ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 90.91, પાઉન્ડ 17.75, કેનેડિયન ડોલર 60.60, ઓસ્ટ્રેલિયન ડોલર 54.90, જાપાનીઝ યેન 0.5413 અને સીંગાપોર ડોલર 62.31ના સ્તરે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	1292.92	81332.72
નિફ્ટી	428.85	24834.85
બેન્ક નિફ્ટી	407.20	51295.95

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
શ્રીરામ ફાઇ.	9.18	2925.00
ડીવીસ લેબ્સ	5.36	4790.60
સીપલા	5.00	1575.00
ભારતી એરટેલ	4.50	1514.40
અપોલો હોસ્પિટલ	4.37	6664.55

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઓએનજીસી	1.25	331.60
તાતા કન્ઝ્યુમર	0.81	1213.65
નેસલે ઇન્ડિયા	0.15	2476.90

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ભારતી એરટેલ	4.25	1511.00
વિપ્રો લિ.	3.59	525.00
તાતા સ્ટીલ	3.27	162.60
સન ફાર્મા	2.91	1713.60
એચસીએલ ટેક્નો	2.90	1634.20

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
નેસલે ઇન્ડિયા	0.07	2478.70

ભાગીદારોના પગાર ઉપર હવે TDS

નાણાં મંત્રી દ્વારા 23-7-2024ના મંગળવારના રોજ રજૂ થયેલ બજેટમાં ફાયનાન્સ બીલ 2024માં ભાગીદારી પેઢીઓ પોતાના કાર્યકારી (Working) ભાગી દારોને મહેનતાણું, પગાર, કમિશન સાથે તો તેના ઉપર હાલ સુધી T.D.S. ની જોગવાઇ ન હતી, જે નાણાંકિય વર્ષ 2024-25 થી લાગુ પડી ગઇ છે. જે વર્કીંગ પાર્ટનરને 20000 થી વધારે મહેનતાણુ આપે તેના ઉપર ભાગીદારી પેઢીએ T.D.S. કાપીને ભાગીદારને બાકીના મહેનતાણાંના રૂપિયા આપવાના રહેશે. આ માટે ભાગીદારી પેઢીએ હવે માર્ચ મહિનામાં હિસાબો ફાયનલ કરીને 30મી એપ્રિલ પહેલાં ટેક્ષ ભરવો અઘરો પડશે અને 31મી મે પહેલાં ત્રિમાસિક રીટર્ન ભરી દેવું પડશે. દર મહિને મહેનતાણું જમા કરનારે બીજા મહિનાની 7 તારીખ પહેલા ટેક્ષ જમા કરવો પડશે, અન્યથા 30 ટકા રકમ નામંજૂર થશે. ભાગીદારે પેઢીને આપેલ લોનના વ્યાજ ઉપર પણ TDS કાપવો પડશે. આ તમામ TDSનો રેઇટ 10 ટકા છે. LL.Pને પણ ભાગીદાર પગાર ઉપર TDS લાગુ પડશે.

ઉભા થતા પ્રશ્નો

ભાગીદારોના હાથમાં આ રકમ ધંધાકિય આવક તરીકે કરપાત્ર છે. ભાગીદારોની પેઢીમાંથી પગાર અને વ્યાજની એકમાત્ર રકમ હોય શકે છે. અન્ય આવક હોતી નથી એ સંજોગોમાં નવી સીસ્ટમ મુજબ 7 લાખ સુધીની આવક કરને પાત્ર નથી એવા કેઇસોમાં ભાગીદારોએ રીફન્ડ લેવાની નોબત આવશે અને ભાગીદારોને પગારદાર કરદાતાને મળતું 75000નું સ્ટાન્ડર્ડ ડિડકશન પણ બાદ મળશે નહિ.

મહેનતાણામાં વધારો

ભ